સર્ગ ૧

# પ્રતીકાત્મક ઉષા

સાવિત્રીના આરંભના આ પ્રથમ સર્ગનો વિષય છે સત્યવાનના મૃત્યુ-દિનનું પ્રભાત. સૃષ્ટિનું આદિ પ્રભાત, વ્યષ્ટિ અને સમષ્ટિના આવિર્ભાવનો ઉષ:કાળ, અને કાળપાશમાંથી છૂટેલા સત્યવાનના અને એને છોડાવનારી સાવિત્રીના અવતારી કાર્ય માટે પરમ પ્રેમમાં એકાત્મકતા પામેલા એમના માનવ આત્માઓનું પૃથ્વીલોક ઉપરનું નિત્યનું હોય છે એવું એક પ્રભાત પ્રતીકાત્મક અદ્‌ભુત સુન્દર પ્રકારે અહીં આલેખવામાં આવ્યું છે.

સૃષ્ટિની પ્રલયરાત્રિ, અચિત્‌માં વિલીન વ્યષ્ટિ-સમષ્ટિના આત્માની અજ્ઞાનરાત્રિ તથા પૃથ્વીલોકને અતલોના ઊંડા ઘેનમાં ઉતારી દેનારી રોજની ગાઢ રાત્રિ, અને તે રાત્રિને અંતે ક્રમે ક્રમે ઉષ:કાળે ચેતનાની જે જાગૃતિ આવે છે તેનું કવિએ ગહન અંધકાર જેટલી જ ગહન વાણીમાં અને મંત્રની લયવાહિતા ભર્યા પ્રવાહમાં જે કાવ્યાલેખન કર્યું છે તેની તુલામાં મૂકી શકાય એવું વર્ણન વેદ વગર બીજે ક્યાંય ભાગ્યે જ મળી શકશે.

આવી આ રાત્રિના શૂન્યાકાર અંધકારમાં અવિચારિત વિચાર જેવું કંઈક હલનચલન કરવા લાગ્યું. અજ્ઞાનને જગાડવા માટે એણે અચિત્‌ને સળી કરી. રૂપથી અબદ્ધ ચેતનાએ પ્રકાશ માટે સ્પૃહા કરી. એક બાલ-ઝંખનાએ અગાધ અસીમતાનો અંચલ ઝાલ્યો. ખબર પણ ન પડે એવી રીતે ક્યાંક એક ગાબડું પડ્યું. એક આનાકાની કરતી રંગરેખાએ જીવનની અંધાર-ઘેરી નિદ્રાની પજવણી આરંભી. કો એક દેવતાની દૃષ્ટિએ અવાક ગહનો ભેદ્યાં. પોતાના મહાસુખને ભૂલી ગયેલા આત્માની ખોજ કરતો એક ગુપ્તચર આવ્યો હોય એવું લાગવા માંડ્યું. ચેતનનું ને આનંદનું સાહસ આદરવા માટેનું આહ્‌વાન આવ્યું. અગાધ ઊંડાણમાં વિચાર-જ્યોતિનું બીજ વવાયું, અંધકારના ગહનમાં એક સંવેદન જાગ્યું, કાળના હૃદયમાં એકાસ્મૃતિ સળવળવા લાગી, જાણે કે લાંબા વખતથી મરી ગયેલો કોઈ જીવ ફરીથી જીવવાને પ્રેરાયો ન હોય. પણ ભૂત સમયનું સર્વ ભૂંસાઈ ગયું હતું ને પ્રલય પામેલું સર્વ ફરીથી ઊભું કરવાનું હતું. કામ હતું તો અત્યંત કઠિન, પણ પ્રભુનો સ્પર્શ પમાતાં સર્વ કાંઈ પાર પાડી શકાય છે.

આશા ઉલ્લસી. ઉષાએ દર્શન દીધાં. સદાના સંચારી એ ચમત્કારે સર્વને રૂપાંતર પમાડી દેતો પોતાનો સ્પર્શ કર્યો, ને પ્રભુના પ્રદેશોમાં સૌન્દર્યે અને આશ્ચર્યમયતાએ

ઊથલપાથલ મચાવી મૂકી. ગૂઢ વસ્તુઓની કિનાર પર સ્વપ્નનો સોનેરી દરવાજો ઊઘડયો. આંધળું જગત જોતું બની ગયું. કોઈ આરામમાં ઢળેલા દેવના દેહ ઉપરથી જામો સરી પડે તેમ અંધકાર સરી પડયો. ઉષાએ પોતાના અલૌકિક રંગોનું આભા-મંડળ રચ્યું. કાળમાં મહિમાનું બીજ બોવાયું.

દેદીપ્યમાન દેવીએ દર્શન દીધાં. ભૂમંડળના ભાલ ઉપર એ લળી. આકાશ પટે અદ્‌ભુત લિપિમાં પ્રભુની ઉષાઓનો મહિમા આલેખાયો. પ્રાય: એક પરમોચ્ચ પ્રાદુર્ભાવ થયો. પરમાત્માનાં પગલાં પૃથ્વીને સમીપ લાગ્યાં. જાગ્રત શ્રુતિએ પદરવ સાંભળ્યો. દેવીના જ્યોતિર્મય સ્મિતે વિશ્વોના મૌનને જવાલા જવાલા બનાવી દીધું. સમસ્ત એક આત્માર્પણની વિધિમાં પલટાઈ ગયું. હવાએ અંકોડો બનીને દ્યાવાપૃથિવીને એકાકાર બનાવી દીધાં. વાયુ પૂજાપાઠ કરતો પૂજારી બની ગયો. વૃક્ષોની ઉપરની ડાળીઓ પ્રાર્થનામાં પ્રવૃત્ત થઈ ગઈ.

પણ આપણો લોક પરમ વસ્તુને ધારી રાખવાની શકિત ધરાવતો નથી. મર્ત્ય હૃદયો દિવ્ય સાન્નિધ્યને ઝાઝી વાર ઝીલી શકતાં નથી. પ્રભુનો પ્રકાશ સ્વલ્પ સમય જ ટકી રહે છે. પરિણામે આવિર્ભાવ પામેલું દૈવી દર્શન ઓગળી ગયું. અતિ વિરલ એવું એ આશ્ચર્ય હવે રહ્યું નહીં. સામાન્ય દિવસનું અજવાળું દેખાવા લાગ્યું. જગતના જીવો જાગ્યા અને મર્ત્યના ભાગ્યનો ભાર ઉપાડી એમણે નિત્યના જીવનમાં ઝંપલાવ્યું.

સાવિત્રી પણ જાગેલા લોકોની સાથે જાગી ને જનતાના અલ્પજીવી આમોદને એણે અભિનંદન આપ્યાં. પરંતુ એની પોતાની અંદર જે દિવ્ય ધામનો અતિથિ ઊતર્યો હતો તેણે પામર પ્રમોદોની પ્રતિ અલિપ્તતા અવલંબી. કાળની ક્ષણભંગુર વસ્તુઓનો સાદ એને માટે નહોતો. એનામાં હતો દિવ્ય આત્મા, મર્ત્યતામાં બંદીવાન બનીને રહેલો. એના માનવ દેહમાં એ અત્યુચ્ચ ચેતના લઈને આવી હતી, એનો આણેલો ચિદાનંદ એ આ લોકને આપવા માટે આવી હતી.

પણ પૃથ્વીએ એનાં આણેલાં વરદાનોનો ઇનકાર કર્યો. એણે તો ઊલટાનું પોતાનું દુર્દૈવ સાવિત્રીને સમર્પ્યું. ભૂમિ ઉપર સાવિત્રી સ્વર્ગનું નંદન લહરાવવા માગતી હતી ને એને માટે એણે પોતાના આત્માને બલિદાનમાં હોમ્યો હતો, પરંતુ આ એનું મહાબલિદાન એળે જતું જણાતું હતું, પૃથ્વી પોતાનો પાતાળી નિયમ એની ઉપર ઠોકી બેસાડવા માગતી હતી. અશોક સુખ આગળ ધરા બડબડાટ કરે છે, આવેલા પ્રકાશને આઘો હડસેલી મૂકે છે; સત્યને જોઈ એ સકંપ બની જાય છે. સ્વર્ગના દૂત ઉપર એ કીચડ છાંટે છે, ઉગારવા આવેલા હાથનો અવરોધ કરે છે, પ્રભુના પુત્રને મૃત્યુથી—મહાયાતનાથી નવાજે છે.

સાવિત્રીની બાબતમાં પણ કંઈક આવું જ બન્યું. એની દૈવી મહત્તા અજ્ઞ જનોને ભાર રૂપ લાગી, એમનો શોક, મથામણ અને પતન સાવિત્રીને ભાગે આવ્યાં, મર્ત્યનું દુર્ભાગ્ય અમર્ત્યને ભોગવવું પડયું. પરંતુ સાવિત્રીએ એ સર્વનો સ્વીકાર કર્યો, ને આ સ્વીકારથી એની દિવ્યતા વધારે દિવ્ય બની.

સાવિત્રી ન્યારી હતી ને ન્યારી રહેતી, એના અંતરની ઘોર વેદના વહાલામાં વહાલાં પણ જાણવા પામ્યાં ન'તાં. એને માટે તો એકલે હાથે સર્વનો સામનો કરવાનો હતો, સર્વાતિશાયી સાહસ ખેડવાનું હતું. મૃત્યુની ભેટ લેવાની હતી, નિરાશામાત્ર બાકી રહી હતી, તેમ છતાંય એના મુખમાંથી આક્રોશ ઊઠયો નહિ, સહાય માટે એણે કોઈનેય પોકાર કર્યો નહીં.

એનો આત્મા અને એની પ્રકૃતિ સર્વની સાથે એકરૂપ બની ગયાં હતાં. આખા વિશ્વનું દુ:ખ એની એકલીની અંદર એકત્ર થયું હતું. એની વેદના એક રહસ્યમયી તીક્ષ્ણ તરવાર બની ગઈ હતી. એકાકી અમરના ભાગીદારી વિનાના કાર્યને માટે એ તૈયાર થઈ. એનું બળ બ્રહ્માંડનાં મહાબળો ઉપર પ્રતિષ્ઠિત થયેલું હતું, જગદંબાનો પ્રેમ એનો પ્રેમ બની ગયો હતો.

એકવાર તો એનાં સર્વે કરણો સ્તબ્ધવત્ બની ગયાં. દુ:ખશોકનાં સંવેદનો બંધ થઈ ગયાં. બે પ્રદેશોના મૌનમાં એની ચિંતાનું ચાલતું કરવત થંભી ગયું. સતાવતી સ્મૃતિ સૂઈ ગઈ. ચેતનાને ચેતાવતી શક્તિ સંકેલાઈ ગઈ.

આ અવસ્થામાંથી હવે એના દેહના સાદે એને પાછી આણી. એની પ્રકૃતિએ અદૃષ્ટ પ્રભાવ અનુભવ્યો. ઇન્દ્રિયો ને મન સતેજ બન્યાં, શ્રાન્ત વિચાર પાછો આવ્યો, સ્મૃતિનાં બારણાં ઊઘડવા મંડયાં. પૂર્વનું બધું જ પાછું આવ્યું. પૃથ્વી, પ્રેમ અને મહાદુર્ભાગ્ય રાત્રિના અંધકારમાં એની આસપાસ મલ્લયુદ્ધ મચાવવા લાગ્યાં. અચિત્માંથી ઉદ્ભવેલાં છાયાધારી દૈવતો મથવા ને બથવા માટે ઊઠયાં. અનાશ્વાસિત અતલગર્તની રક્ષા કરતી ને પૃથ્વીની દીર્ઘ યંત્રણાની વારસદાર એક પાષાણ શી નિશ્ચેષ્ટ મૂર્તિએ અવકાશની અનંતતા પર મીટ માંડી. દુ:ખનાં અકાળ ઊંડાણો જોવા મળ્યાં, જીવનનું લક્ષ્ય દેખાયું નહિ. અમર આનંદને માટે પૃથ્વી દુ:ખનું ને કામનાનું જે બલિદાન આપે છે તે પાછું સનાતન હસ્તની નીચે પ્રારંભાયું.

જીવનના અવાજોની વચ્ચે ને એનાં એ જ જોવા મળતાં દૃશ્યોની વચ્ચે સાવિત્રીનો દૈવી આત્મા કાળની ને નિર્માણની સામે મક્કમ બનીને ઊભો થયો. આ હતો સત્યવાનના મૃત્યુનો દિવસ. અંતરમાં અચલ બનેલી સાવિત્રીએ હવે પોતાની શક્તિ આત્મકેન્દ્રમાં એકત્ર કરી.